©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 02nd FEBRUARY, 2026/MAGHA 13, 1947 [No. 909

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

"અધિસુચન"

બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોરસદ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨, (બોરસદ) (પ્રથમ ફેરફાર) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત.

જા.નં.ન.પા./ટી.પી. શાખા/વશી/૩૨૨/૨૦૨૬.–બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોરસદ ની ટાઉન પ્લાનીંગ કમિટીના તા.૧૩-૧૦-૨૦૨૫ ના ઠરાવ નં.૧, તથા વહીવટદારશ્રી, બોરસદ નગરપાલિકા ના તા.૧૩-૧૦-૨૦૨૫ ના ઠરાવ નં.૮૩ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) બનાવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓને આધિન ઈરાદો જાહેર કરવામાં આવેલ છે. અને જાહેર કરેલ ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ રાજ્ય સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨ માં તા.૨૮-૧૦-૨૦૨૫ ના રોજ નં.૭૦૬૯, પાનાં નં.૧ થી ૨ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર "સંદેશ ન્યુઝ" તથા "દિવ્ય ભાસ્કર" માં તા. ૩૦-૧૦-૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા સદરહું યોજનાની દરખાસ્ત તૈયાર કરી ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ વિનિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૭ મુજબ ઓનર્સ મીટીંગ સંદર્ભે સબંધકરતા અને હિતસબંધ ધરાવનારા વ્યક્તિઓને સમાચાર પત્રોમાં જાહેર નોટીસ આપી બોરસદ નગરપાલિકા બોરસદ, હનુમાનજી મંદિર પાસે, બોરસદ-૩૮૮૫૪૦ ના સ્થળે તા. ૨૩-૦૧-૨૦૨૬ ના રોજ વાંધા/સૂચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગ યોજવામાં આવેલ છે. જે પરત્વે મળેલ સલાહ સૂચન/વાંધાઓ અંગે નિર્ણય લઈ સદરહું યોજનાની મુસદ્દારૂપ દરખાસ્ત પ્રસિદ્ધ કરવા સારૂ તૈયાર કરવામાં આવેલ છે.

બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોરસદ દ્વારા તૈયાર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) ના મુસદ્દાને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૪૨(૧) હેઠળ સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામતા શખ્સોના વાંધા/સૂચનો મેળવવા માટે આથી એક માસ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ નિયમ નં.૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ મુસદ્દાની એક નકલ બોરસદ નગરપાલિકા કચેરી ખાતે ઉપરના સરનામે કચેરીના કામકાજના દિવસોએ જાહેર રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર(ગેઝેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની સમય મર્યાદામાં, સદર યોજનાથી અસરકર્તા કોઈપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખીત વાંધા અને/અથવા સુચનો ચીફ ઓફિસર, બોરસદ નગરપાલિકા કચેરી ખાતે લખી જણાવશે તો તે લેખીત વાંધા/સુચનો અન્વયે બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

સહી/- અવાચ્ય
ચીફ ઓફિસર
બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ
બોરસદ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.02.04 14:25:06 IST